ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૧૭-૨-૨૦૨૧, બુધવાર



## બાયડમાં ઉભરાતી ગટર, ઘન કચરા નિકાલની વિકરાળ સમસ્યા

### અત્યાર સુધીના ચીફ ઓફિસર ''જી'' હજૂરીયા હોવાના લોક આક્ષેપ

બાયડ, તા. ૧૬

બાયડ પાલિકા વિસ્તારમાં ઉભરાતી ભૂગર્ભ ગટર અને ઘન કચરો એકઠો કર્યા પછી તેના નિકાલની વિકરાળ સમસ્યા નગરજનો માટે માથાના દુઃખાવા રૂપ બની છે. સારા વહીવટના દાવા કેટલા સબળ છે કે ખોખલા સાબિત થયા છે તે પ્રજા સમજે છે. બાયડ પાલિકામાં અત્યાર સુધીના ચીફ ઓફિસર ''જી'' હજૂરીયા હોવાના લોક આક્ષેપ થઈ રહ્યા છે. લાગે છે મોટાભાગના ચીફ ઓફિસરોનો કુંડાળામાં પગ પડ્યો હોવાથી પ્રજાલક્ષી નિર્ણય લેવાનુ ભુલ્યા છે.

બાયડ પાલિકામાં રૂ. ૧૭ કરોડના ખર્ચે તૈયાર થયેલી ભુગર્ભ ગટર યોજના પંપીંગ સ્ટેશન બંધ હાલતમાં હોવાથી શોભાના ગાંઠીયા સમાન બની છે. મરામત, સફાઈના નામે દર વર્ષે લાખોનું આંધણ કરવા છતાં કોઈ હલ આવતો નથી. ભુગર્ભ ગટરની સફાઈ માટે નિમેલી એજન્સી મળતીયાઓના આદેશ મળે ત્યાં જ સફાઈ માટે જાય છે. અન્ય પ્રજા પાલિકામાં જઈ માથા પછાડે કે ચીફ ઓફિસર, સ્થાનિક કર્મીને લેખીત-મૌખીક રજૂઆત કરે તો પણ કોઈ સાંભળતુ નથી. બાયડ પાલિકામાં વહીવટદારનું બહારથી કંટ્રોલ થતો હોવાના ગંભીર આક્ષેપ થઈ રહ્યા છે. બાયડ પાલિકામાં ઘનકચરાના નિકાલ માટે કોઈ વ્યવસ્થા નથી જેથી કચરો જાહેરમાં સળગાવી બાયડની પ્રજાના આરોગ્ય સાથે ચેડાં થવા લાગ્યા છે. બાયડ પાલિકામાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો મત માગવા નિકળે છે ત્યારે કેટલાક વિસ્તારોમાં ઉભરાતી ગટરો મુખ્ય મુદ્દો બની શકે છે. જ્યારે બંન્નો પક્ષોના કેટલાક ઉમેદવારો માટે પક્ષ પલ્ટાનું બિરૂદ પણ લાગ્યુ છે. સત્તામાં ભાજપ આવે કે કોંગ્રેસ પણ બાયડ નગરની બે મુખ્ય સમસ્યા ઉભરાતી ભુગર્ભ ગટર અને ઘન કચરાના કાયમી નિકાલની ઉત્તમ વ્યવસ્થા ઉભી કરવી પડશે.



## પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન જયેશ પટેલ ૨૦૦ કાર્યકર્તા સાથે ભાજપમાં જોડાયા

### સાબરકાંઠા જિલ્લાના ૨૦૦ કાર્યકરોએ ભાજપનો ખેસ ધારણ કરતાં જિલ્લામાં રાજકારણમાં ગરમાવો : સમાજ સેવા અર્થે જોડાયો ભાજપમાં : જયેશ પટેલ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૬

સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી ના ગણતરી ના દિવસો બાકી રહ્યા છે ત્યારે સાબરકાંઠા જીલ્લા સાબરકાંઠા જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે જીલ્લા પ્રમુખ જે.ડી.પટેલ મહિલા મોરચા ના ઉપાધ્યક્ષ કૌશલ્યા કુંવરબા હિંમતનગર ના ધારાસભ્ય



કોંગ્રેસમા ગાબડું પડ્યું છે જેને કારણે સાબરકાંઠા જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છેવસાબરકાંઠા જીલ્લા પંચાયત કોંગેસ ના પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન જયેશ પટેલે કોંગેસ સાથે છેડો ફાડી ૨૦૦ કાર્યકર્તા સાથે ભાજપ મા જોડાયાં હતાં વર્ષ ૨૦૧૫ મા વક્તાપુર જીલ્લા પંચાયત સીટ પરથી કોંગ્રેસ મા જીત મેળવી હતી ત્યાર બાદ સાબરકાંઠા જીલ્લા પંચાયત ના શિક્ષણ સમિતિ ના ચેરમેન પદ સંભાળ્યું હતું અને હવે કોંગ્રેસ સાથે નો છેડો ફાડી પોતાના ટેકોદારો સાથે ૨૦૦ કાર્યકર્તાઓ એ ભાજપ નો ખેસ ધારણ કર્યો હતો રાજેન્દ્રસિંહ ચાવડા સાબરકાંઠા જિલ્લા ભાજપના મહામંત્રી વિજયભાઈ પંડ્યા એ પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન જયેશ પટેલ સહિત ના કાર્યકરોને ખેસ પહેરાવી ભાજપમાં આવકાર્યા હતા શિક્ષણ સમિતિના ચેરમેન જયેશ પટેલે જણાવ્યું હતું વકતાપુર જિલ્લા પંચાયતની સીટ તેમજ તાલુકા પંચાયતની ચાર સીટો કાનડા, કડોલી, ગઢા અને વકતાપુર સીટ પર ભાજપ નો વિજય થાય તે માટેના પ્રયત્નો આજથી જ ચાલુ કરી દેવામાં આવશે પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન જયેશ પટેલ ના સમર્થનમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

## વડાલી તાલુકા કોંગ્રેસમાં ભડકો, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખે આપ્યું રાજીનામુ

### વિજય પટેલે કેસરીઓ ધારણ કર્યો

ઈડર તા.૧૬

સ્થાનિક સ્વરાજનીની ચૂંટણીમાં આજે ફોર્મ ચકાસણી પછી ચિત્ર સ્પષ્ટ થયું છે અને રાજકીય પાર્ટીઓ પોત પોતાના ગણિત પ્રમાણે ઉમેદવારોને જીતાડવા લાગી ગઈ છે. તો એક બાજુ પક્ષમાંથી નારાજ થઈ પાર્ટી બદલવાનો સિલસિલો પણ ચાલુ થયો છે. ત્યારે ગુજરાત કોંગ્રેસના પૂર્વ જનરલ સેક્રેટરી અને તાલુકા પંચાયત વડાલીના પૂર્વ પ્રમુખે કોંગ્રેસ પાર્ટીમાંથી તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપી ભગવો ધારણ કર્યો.



વડાલી તાલુકા પંચાયતની થેરાસના બેઠક માટે કોંગ્રેસ પાર્ટીમાંથી દાવેદારી કરી ટિકિટની માગણી કરી હતી પરંતુ કોંગ્રેસ પાર્ટીએ વિજય પટેલની જગ્યાએ અન્ય ઉમેદવારને થેરાસના બેઠકનું મેન્ડેડ આપતા કોંગ્રેસ પક્ષથી નારાજ થઈ આજે પક્ષના તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપી ભાજપના આગેવાનો જે.ડી.પટેલ. જિલ્લા ભાજપ પ્રમુખ વિજય પંડ્યા, જિલ્લા મહામંત્રી તથા જિલ્લા ભાજપના આગેવાન તખતસિંહ હડિયોલ તથા વડાલી ભાજપના તાલુકા પ્રમુખ હરિસિંહ ભાટી તથા મહામંત્રી અમૃતભાઈ પટેલ તથા પાટીદાર સમાજના પ્રમુખ જે.વી. પટેલ તથા તાલુકા મહામંત્રી ડાયાજી ઠાકોરની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા.

## પ્રાંતિજ પોલીસે લકઝરી બસના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે લકઝરી બસચાલક પુરૂ ઝડપે બેદરકારી ગફલતભરી રીતે હંકારી લાવતા પ્રાંતિજ પોલીસે ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજના પિલુદ્રા બાગ પાસે પ્રાંતિજ પોલીસ ટ્રાફિકની કામગીરીમા હતી તે દરમ્યાન પ્રાંતિજ તરફથી એક લકઝરી બસનો ચાલક પોતાની કબજાની લકઝરી બસ પુરઝડપે ગફલતભરી રીતે હંકારી લઈ આવતા પ્રાંતિજ પોલીસે લકઝરી બસ ઉભી રાખી લકઝરી બસ ચાલકને પુરઝડપે લકઝરી બસ ચલાવવા બાબતે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. જેથી લકઝરી બસના ચાલક પ્રદિપકુમાર હરિસિંગ મહાલા (જાટ) રહે. મેઈનપુરા થાનાગુડા ગોરજી, તા. ઉદેપુર વાટી, જી. જુનજુન્હુ (રાજસ્થાન) લકઝરી બસ નંબર-ઈત્ન-૧૮ઁ-મ્-૦૨૦૦ નો ચાલક ફુલફાસ્ટ હંકારી લાવી રાહદારીઓનો જીવ જોખમાય તે રીતે પુરઝડપે ચલાવી લઈ આવતા ચાલક વિરૂધ્ધ આઈપીસી કલમ - ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ-૧૭૭,૧૮૪ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**તલોદ તાલુકામાં મતદાન જાગૃતિ અંતર્ગત ઇ.વી.એમ. નિદર્શન યોજાયું**

સાબરકાંઠા જિલ્લામાં તાલુકા - જિલ્લા પંચાયત સામાન્ય ચુંટણી-૨૦૨૧ અંતર્ગત તલોદ તાલુકાના મતદાન વિસ્તારોમાં મતદાન જાગૃતિ અભિયાન દ્વારા મતદારોને મતદાન માટે પ્રેરીત કરવા તેમજ પ્રથમવાર મતદાન કરતા યુવા મતદારોને મતદાન અંગે સમજુત કરવા તલોદ તાલુકના ઝોનલ ઓફિસરો દ્વારા ઈ.વી.એમ. નિદર્શન રાખવામાં આવ્યું હતું.

## પ્રાંતિજ ખાતે વીસીઈઓ દ્વારા આજે ત્રણ જગ્યાએ આવેદનપત્ર આપ્યું

### વીસીઈઓને ચુંટણી કામગીરીમાં પીયુન તરીકેના ઓર્ડર મળતા ઓર્ડરને પગલે આવેદનપત્ર આપ્યુ : ચુંટણીલક્ષી કામગીરી કરવા તૈયાર પણ ઓર્ડરમાં સુધારો કરવા માંગ

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વીસીઈ ઓ દ્વારા આજે ત્રણ જગ્યાએ આવેદનપત્ર આપી ચુંટણીમા પીયુન તરીકે આપવામા આવેલ ઓર્ડરને રંદ કરવા રજુઆત કરી હતી.

પ્રાંતિજ સહિત તાલુકામા વીસીઈ ઓ તરીકે ફરજ બજાવતા વીસીઈઓ દ્વારા આજે પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે જઈને પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારી સોનલબા પઢેરીયા અને પ્રાંતિજ મામલતદાર એચ પી. ભગોરા આવેદનપત્ર આપ્યુ હતુ. તો પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે જઈને તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ પટેલને પણ આવેદનપત્ર આપી રજૂઆત કરવામા આવી હતી અને વીસીઈઓએ જણાવ્યુ હતુ કે અમે ચુંટણીની કામગીરીમા કામ કરવા તૈયાર છીએ પણ અમને ચુંટણી કામગીરી માં ફાળવવામા આવેલ ઓર્ડર પીયુનનો હોય અમારૂ સ્વમાન તથા અમારી લાગણી દુભાય તેવુ અમને લાગે છે અને અમે વીસીઈ તો ડીજીટલ યુગ નો પ્રણેતા છે અને અમારી કક્ષા નુ કામ હોયતો આપો અમે કામ કરવા બંધાયેલા છીએ પણ ચુંટણીમા પીયુન તરીકે આપવામા આવેલ ઓર્ડર રદ કરવા વીસીઈઓ દ્વારા આવેદનપત્ર આપીને રજુઆત કરવામા આવી હતી તો આ પ્રસંગે વીસીઈ યુનિયનના ઉપપ્રમુખ બળવતસિંહ, સાબરકાંઠા વીસીઈ મડળના મહામંત્રી નરેન્દ્રભાઈ, વીસીઈ મંડળ ના સભ્યો ઉપસ્થિત રહીને આવેદનપત્ર આપ્યુ હતુ.



## હિંમતનગરના ભાટવાસ વિસ્તારમાં પશુ દવાખાના પાછળ ગંદકીના ઢગ ખડકાયા : સ્થાનિકો ત્રાહિમામ



" સ્વચ્છતા ત્યાં પ્રભુતા " રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સૂત્રને નિરર્થક સાબિત કરતી વાસ્તવિકતા નિહાળવા હિંમતનગર નગરપાલિકાના ભાટવાસ વિસ્તારમાં પશુ દવાખાના પાછળ ગંદકીના ખડકાયેલા ઢગ ખુદ જ હાલકીની ગવાહી છે.

અગાઉ રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૭ થી નિર્મળ ગુજરાત અભિયાન શરૂ કરેલ, તે અભિયાનને સારો પ્રતિસાદ મળેલ છે.પરતુ શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં વસતા લોકોને સ્વચ્છ પર્યાવરણ મળી રહે તેવું મહાત્મા ગાંધીજીનું સ્વપ્ર સાકાર કરવા " કચરા વગર ના શહેરો અને ગામો'' બનાવવાનો નિર્ધાર માત્ર કાગળ ઉપર જ હોય એવાં દ્રશ્ય જોવા મળી રહ્યાં છે.આ તો એક સેમ્પલ જ છે!!



**હિંમતનગરમાં લીંબચ માતા મંદિરનો પ્રાગટ્ય મહોત્સવ યોજાયો**

આજે વસંતપંચમી ના પવિત્ર દિવસે નાયી વાળંદ સમાજના કુળદેવી લીમ્બચમાતાજી ના પ્રાગટ્ય દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.માતાજીની પૂજા અર્ચના તેમજ હોમહવન નું સુંદર આયોજન અડાઠમ જય નાયી સમાજ અને અડાઠમ કેળવણી મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજના સ્વ.વેણીદાસ નાયી પરીવાર ના વિનુભાઈ તેમજ ચંદુભાઈ નાયી વગેરે એ હોમ હવન નો લાભ લીધો હતો. સમગ્ર સમાજ વતી પ્રમુખ શ્રી પ્રહલાદભાઈ નાયી દશરથભાઈ નાયી સહિતના આગેવાનો તેમજ અડાઠમજથ ના લોકો સમાજના કાર્યકરો અને કારોબારી સભ્યો એ ઉત્સાહભેર ભાગ લ?ઈ માતાજી ના પ્રાગટ્ય દિનની ભવ્ય ઉજવણી કરી હતી.

### કોંગ્રેસને ઝટકો, ભાજપાએ ખેલ પાડ્યો !!

## ડેમાઈ જિલ્લા પંચાયત બેઠકના કોંગ્રેસ ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા કોંગ્રેસ હાસ્યાસ્પદ સ્થિતિમાં

### બેઠક ઉપર ભાજપા-અપક્ષ વચ્ચે સીધો જંગ

બાયડ, તા. ૧૬

બાયડ તાલુકા પંચાયતમાં ચૂંટણી અગાઉ ભાજપાની ૨ બેઠક (લીંબ અને બોરલ તા.પં.) બિન હરીફ થયા પછી કોંગ્રેસને કળ વળી નથી ત્યાં ઉમેદવારી પત્ર ખેંચવાના દિવસે ડેમાઈ જિલ્લા પંચાયત બેઠકના કોંગ્રેસના ઉમેદવાર કિર્તી ગીરીશભાઈ પટેલે પોતાનું ઉમેદવારી પત્ર ચૂંટણી અધિકારી, બાયડ પ્રાંત અધિકારી ડૉ. વિમલ બારોટની હાજરીમાં પરત ખેંચતા જિલ્લામાં કોંગ્રેસના રાજાકરણમાં હડકંપ મચ્યો છે. જ્યારે ભાજપાએ ખેલ પાડી દીધાની લોક ચર્ચા છે.



બાયડ તાલુકો રાજકીય પ્રયોગશાળા કેમ કહેવાય છે !! તે છેલ્લા ૨ દિવસથી તાલુકા-જિલ્લાના રાજકીય આગેવાનો-મતદારો જોઈ રહ્યા છે. ડેમાઈ જિલ્લા પંચાયત બેઠક માટે ભાજપા-કોંગ્રેસ વચ્ચે ઉમેદવારોના નામ જાહેર કરવાના લીધે કોકડુ છેલ્લા દિવસ સુધી ગુંચવાયુ હતુ. મોડેથી ભાજપાએ દેવેન્દ્રસિંહ રણજીતસિંહ સોલંકીને મેન્ડેટ આપી મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે કોંગ્રેસ દ્વારા કિર્તી ગીરીશભાઈ પટેલને મેદાનમાં ઉતારતાં જંગ રસાકસીભર્યો બનશે તેમ લાગતુ હતુ. પરંતુ ઉમેદવારી પત્ર પરત ખેંચવાના દિવસે કોંગ્રેસના ઉમેદવારે ભાજપા અગ્રણીની ઉપસ્થિતિમાં ઉમેદવારીપત્ર પરત ખેંચતા સનસનાટી મચી ગઈ છે. જ્યારે ડેમાઈ જિલ્લા પંચાયતનો ચૂંટણી જંગ હવે ભાજપા-અપક્ષ વચ્ચે રહ્યો છે. અપક્ષમાં મહોબતસિંહ વાઘસિંહ સોલંકી જંગ લડી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં બાયડ તાલુકામાં જિલ્લા પંચાયત બેઠક અને તાલુકા પંચાયત બેઠકમાં ભાજપને જે સફળતા મળી છે તે બદલ સ્થાનિક સંગઠ્ઠનને જિલ્લા ભાજપ સંગઠ્ઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ, ભરતસિંહ રહેવરે અભિનંદન આપ્યા છે.

## ચૂંટણી જંગ : બાયડ પાલિકા વિસ્તારમાં ભાજપના તમામ ઉમેદવારોને પ્રચંડ સમર્થન

હિંમતનગર, તા. ૧૬

બાયડ નગરપાલિકાનો ચૂંટણી જંગ જામ્યો છે. બાયડ પાલિકાના વોર્ડ-૬ ના કુલ ૨૪ ઉમેદવારોએ ટેકેદારો સાથે પ્રચાર કાર્ય શરૂ કરતાં બસસ્ટેશન, મેઈન બજાર, ગાબટરોડ, વાલ્મિકીવાસ, કસ્બાવિસ્તાર, બાયડ ગામ, જૂના બસસ્ટેન્ડ, અરજણવાવ, સુંદરપુરા, અદાનાછાપરા, ઘડુશિયા મઠમાં ભાજપાના ઉમેદવારોને પ્રચંડ સમર્થન મળતાં કોંગ્રેસમાં ફફડાટ જોવા મળ્યો છે. ભાજપાના ઉમેદવારોને સ્વયંભૂ લોકો તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ ના નારાથી આવકારી રહ્યા છે.

**તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ ના નારા ગુંજ્યા**

**સ્વાર્થની રાજનીતી**

અલ્પજીવી હોય છે. પાછલા પાંચ વર્ષમાં બાયડ પાલિકા વિસ્તારમાં પ્રજા-મતદારોએ જે જોયુ, અનુભવ્યુ તેના ઉપરથી મતદારો તા. ૨૮ ફેબ્રુઆરીએ કચકચાવી રેકોર્ડ બ્રેક મતદાન કરી શકે છે.

બાયડ પાલિકામાં વહીવટદારનું શાસન હોવા છતાં પણ ચીફ ઓફિસર માત્ર રીમોટ કંટ્રોલથી ચાલતા હોય તેમ કામ કરી રહ્યા છે. ભુગર્ભ સફાઈ કોન્ટ્રાક્ટરની મનમાની સામે આક્રોશ સતત વધી રહ્યો છે. ત્યારે બાયડ પાલિકા વિસ્તારના મતદારો હવે ખોટી કનડગત ન થાય તેવું શાસન ઈચ્છી રહ્યા છે. વોર્ડ નં. ૧ થી ૬ માં ભાજપાના લોકપ્રિય ઉમેદવારોને મળતા સમર્થનથી ઉમેદવારો, કાર્યરોનો હોંસલો બુલંદ બન્યો છે.

## જિલ્લામાં લગ્નના મુહૂર્તની પૂર્ણાહૂતિ, ચૂંટણીનો અવસર શરૂ

### લગ્નસરાના અવસરમાં કેટલાક ઉમેદવારો હાજરી આપી પણ ચાંદલો કરવાનું ભુલ્યા

બાયડ, તા. ૧૬

જિલ્લામાં તા. ૧૬ ફેબ્રુઆરી મંગળવારે અનેક સ્થળે શુભ લગ્નો યોજાયા હતા અને હવે ફેબ્રુઆરી-માર્ચમાં લગ્ન માટે કોઈ સારૂ મુહૂર્ત નથી જેથી લગ્નસરાના અવસર સમાપ્ત થતાં તા. ૨૮ ફેબ્રુઆરી સુધી ચૂંટણીનો અવસર જામશે. લગ્નસરાના અવસરમાં કેટલાક ઉમેદવારોએ નિમંત્રણ મળતાં હાજરી આપી પરંતુ જમ્યા પછી ચાંદલો કરવાનું પણ ભુલ્યા હોવાની ટીખળ થવા લાગી છે.

ચૂંટાયા પછી સત્તા મળી ત્યારે કામ માટે ઘરે આવતા અરજદારોને અનેક સભ્યોએ હડધૂત કરેલા છે પરંતુ ફરીથી સત્તા મેળવવા માટે કાકલુદી કરવાની કળા ચૂકતા નથી. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ૪ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તા. ૨૮ ફેબ્રુઆરીએ યોજાવાની છે.

જેથી અનેક ઉમેદવારોએ અગાઉ ચૂંટાયા પછી કામ કરવાના બદલે પોતાનુ કલ્યાણ કર્યુ છે. અને હવે મતદારો વચ્ચે મત માંગવા જઈ રહ્યા છે ત્યારે ક્યાંક અપમાનના ઘૂટડા પણ પીવા પડે તેમ છે. ત્યારે લગ્નસરાના અવસરમાં સારો પ્રચાર થાય તેમ માની એકાદ ઉમેદવારને નિમંત્રણ હોય તો પણ બધા જ લગ્નના માંડવે પહોંચી જાય છે પછી શરૂ થાય છે ખરી ટ્રેઝડી..!! જમ્યા પછી ચાંદલો કરવાનો વિવેક પણ ભુલાયો છે.

તા. ૧૬ ફેબ્રુઆરીથી લગ્નના અવસરો ઉપર બ્રેક વાગતાં હવે ચૂંટણી પ્રચાર જામશે. જ્યોતિષીઓના મતે હવે એપ્રિલ મહીનામાં લગ્નના મુહૂર્ત નિકળશે. જિલ્લામાં વસંત પંચમીના દિવસે શુભ મુહૂર્તમાં અસંખ્ય લગ્નો યોજાતાં ગામે ગામે શરણાઈના સૂર સાંભળવા મળ્યા હતા.